Headline: Marck Biosciences to increase production at Kheda facility
IVCF to made equity investment of Rs. 20 crore

## આઇવીસીએફે રૂ. ૨૦ કરોડનું ઇક્વિટી રોકાણ કર્યું

# માર્ક બાયોસાયન્સીસ ખેડા ખાતે ઉત્પાદન સુવિધામાં વધારો કરશે

એફઇ બ્યુરો,
અમદાવાદ, તા. ૨૧

અમદાવાદસ્થિત સ્ટરાઇલ ડોઝેજ પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરતી માર્ક બાયોસાયન્સીસ લિમિટેડ આગામી બે વર્ષમાં રૂ.૮૦ કરોડનું રોકાણ કરીને પોતાની ઉત્પાદનક્ષમતામાં નોંધપાત્ર વૃદ્ધિ કરશે તેવી જાહેરાત કંપનીના મેનેજિંગ ડિરેક્ટર ભાવેશ પટેલે આજે બોલાવેલી એક પત્રકાર પરિષદમાં કરી હતી.

કંપની ખેડા પાસે આવેલી પોતાની ઉત્પાદન સુવિધામાં ઉમેરો કરીને નવી ઉત્પાદન સુવિધા તૈયાર કરશે, જ્યાં કંપની વિવિધ પ્રકારનાં ફોર્મ્યુલેશન્સ અને ઇન્જેક્શનોનું ઉત્પાદન કરશે. આ ઉપરાંત અહીં સ્ટરાઇલ ઓઇન્ટમેન્ટ, મોનો-ડોઝ ઓપ્થેલ્મિક્સ અને લેન્સ ક્લિનિંગ સોલ્યુશનનું ઉત્પાદન પણ કરવામાં આવશે. હાલમાં કંપની સ્ટરાઇલ ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી હોવાનું જણાવતાં ભાવેશ પટેલે ઉમેર્યું હતું કે વિદેશી બજારોમાં સ્ટારાઇલ ઉત્પાદનોનું બજાર એટલું મોટું છે કે આવનારા સમયમાં કંપની આંતરરાષ્ટ્રીય બજારમાં પોતાની બ્રાન્ડનું મોટા પાયે માર્કેટિંગ કરી શકશે, જ્યારે બીજી બાજુ સ્ટરાઇલ ઉત્પાદનો માટેના કોન્ટ્રેક્ટ મેન્યુફેક્ચરિંગ વેપારમાં પણ નોંધપાત્ર વધારો થવાની આશા સેવાઇ રહી છે.

હાલમાં કંપની એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના મળીને કુલ ૫૫ રાષ્ટ્રોમાં નિકાસ કરે છે. જ્યારે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન કંપની બીજા ૧૫ દેશોમાં પોતાનો નિકાસ વેપાર વિસ્તારવા ધારે છે, જેમાં મુખ્યત્વે મલેશિયા, સિંગાપોર અને લેટિન અમેરિકા તેમ જ યુરોપના કેટલાક દેશોનો સમાવેશ થાય છે. કંપનીની નિકાસો તેના કુલ વેચાણના લગભગ ૧૫થી ૨૦ ટકા છે, જેમાં ચાલુ વર્ષે નોંધપાત્ર વધારો કરવાની યોજના છે.

કંપનીએ પ્રથમ પ્લાન્ટ ૧૯૯૮માં નાંખ્યો હતો, ત્યાર બાદ ૨૦૦૫માં વિસ્તરણના હેતુથી સ્મોલ વોલ્યુમ ફેસિલિટી તરીકે બીજું ઉત્પાદન એકમ સ્થાપ્યું હતું. આંતરરાષ્ટ્રીય માંગને ધ્યાનમાં લઇને કંપનીએ તાજેતરમાં ત્રીજો પ્લાન્ટ નાંખવાનું વિચાર્યું છે. આ માટે જમીન સંપાદનનું કાર્ય ચાલી રહ્યું હોવાનું પટેલે જણાવ્યું હતું. ચાલુ વર્ષે આ માટે કંપની દ્વારા રૂ.૨૨ કરોડનું મૂડીરોકાણ કરવામાં આવનાર છે. રોકાણ માટેના ભંડોળ અંગે વિગતો આપતાં પટેલે જણાવ્યું હતું કે આઇએફસીઆઇની પેટા કંપની, આઇએફસીઆઇ વેન્ચર કેપિટલ ફંડ્ઝ (આઇવીસીએફ) દ્વારા માર્કમાં રૂ.૨૦ કરોડનું ઇક્વિટી રોકાણ કરવામાં આવ્યું છે. જેના દ્વારા કંપનીના વિસ્તરણનું કાર્ય સરળ બનશે. નવા પ્લાન્ટની ૨૦૧૦-૨૦૧૧ સુધીમાં સ્થાપના થયા બાદ કંપનીનું ખેડા ખાતે કુલ મૂડીરોકાણ રૂ.૨૨૦ કરોડથી વધી જશે. ચાલુ વર્ષે કંપની ૧૦૦ ટકાનો વિકાસદર પ્રાપ્ત કરવાની ધારણા રાખે છે. ગત નાણાકીય વર્ષમાં કંપનીનું કુલ વેચાણ રૂ.૫૬ કરોડ નોંધાયું હતું.